ચારૂતર વિદ્યામંડળ સંચાલિતએસ. એમ. પટેલ કોલેજ ઓફ્ હોમ સાયન્સ, વલ્લભવિદ્યાનગર-388120, જી. આણંદને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા તા.૧૭/૦૭/૨૦૨૫ તથા તા.૨૩/૦૯/૨૦૨૫ના રોજથી મળેલલેબ આસીસ્ટન્ટની એન.ઓ.સી. અન્વયેનીચે મુજબની કેટેગરીના ઉમેદવારો પાસેથી અરજીઓ યોગ્યતાના આધારોની સ્વયંપ્રમાણિત નકલો સાથે જાહેરાત પ્રસિધ્ધ થયેથી કોલેજના આચાર્યશ્રીને કોલેજના સરનામે રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી તા.૦૭/૧૧/૨૦૨૫ સુધીમાં રજુ કરવા જણાવવામાં આવે છે.

**૧. સંવર્ગવાર જગ્યાની વિગતો :**

| ક્રમ | સંવર્ગની જગ્યા | કેટેગરી | જગ્યા | વિષય |
|---|---|---|---|---|
| ૧ | લેબ. આસીસ્ટન્ટ | દિવ્યાંગજન બેન્ચમાર્ક ડિસેબિલિટી કેટેગરી–A | ૧ | હ્યુમન ડેવલપમેન્ટ |
| ૨ | | બિન અનામત | ૧ | ફુડ એન્ડ ન્યુટ્રીશન |

**૨. શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા:**

| | |
|---|---|
| લેબોરેટરી આસીસ્ટન્ટ (હ્યુમન ડેવલપમેન્ટ), વર્ગ-૩ | (ક) તા.૦૭/૧૧/૨૦૨૫ના રોજ ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અનેગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;<br>(ખ) (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ હ્યુમન ડેવલપમેન્ટ માં સ્નાતકની પદવી અથવા સરકારશ્રી દ્વારા માન્ય સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;<br>(ગ) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.<br>(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે. |
| લેબોરેટરી આસીસ્ટન્ટ (ફુડ એન્ડ ન્યુટ્રીશન), વર્ગ-૩ | (ક) તા.૦૭/૧૧/૨૦૨૫ ના રોજ ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અનેગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;<br>(ખ) (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ ફુડ એન્ડ ન્યુટ્રીશનમાં સ્નાતકની પદવી અથવા સરકારશ્રી દ્વારા માન્ય સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;<br>(ગ) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.<br>(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે. |

➢ ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા. ૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર :- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ – 10 અથવા ધોરણ – 12ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "રદ" કરશે.

➢ ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ. ઉમેદવારે પ્રમાણપત્ર/દસ્તાવેજો ચકાસણી સમયે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના દરેક વર્ષ/સેમેસ્ટરના ગુણ પત્રક અને પદવી પ્રમાણપત્રો અરજી સાથે અચુક સામેલ કરવાના રહેશે તેમજ જરૂર પડયે અસલમાં રજુ કરવાના રહેશે.

➢ ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ લાયકાતના પ્રમાણપત્રોની માન્યતા તેમજ સંબંધિત યુનિવર્સિટી/સંસ્થાની માન્યતા તેમજ સંબંધિત અભ્યાસક્રમની માન્યતા બાબતે ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે સંચાલક મંડળ/નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

➢ આ જાહેરાતના હેતુ માટે મહત્તમ વયમર્યાદા ભરતી નિયમ મુજબ ૩૫ વર્ષ નક્કી કરવામાં આવેલ છે.

**<u>શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા/વધારાની લાયકાત માટે નિર્ધારીત તારીખ :</u>**

➢ જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, નોન ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે તારીખ **<u>૦૭/૧૧/૨૦૨૫</u>** ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

**<u>વયમર્યાદા માટે છુટછાટ :</u>**

➢ મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારો તથા તમામ મહિલા, ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે.

| કેટેગરી | છુટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | – |
| અનામત કેટેગરીના પુરુષ ઉમેદવારોને | ૫ વર્ષ | – |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૧૦ =૫ +૫) | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા પુરુષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૫=૫+૧૦) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા પુરુષ ઉમેદવારો (૧૫=૫+૧૦) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલાઉમેદવારો (૧૫=૫+૧૦) | ૨૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |

➢ અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

❖ **<u>સુચનાઓ :</u>**

➢ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ની જાહેરાત ક્રમાંક : ૨૩૭/૨૦૨૪૨૫ થી ૨૫૨/૨૦૨૪૨૫ અંગેની વિગતવાર સુચનાઓ (વેબસાઈટ એડ્રેસ:http://ojas.gujrat.gov.inઅને http://gsssb.gujarat.gov.in) ધ્યાનમાં લેવામાં આવશે.

➢ અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

➢ અનામત વર્ગના અ.જા., અ.જ.જા. અને સા.શૈ.પ.વ. કેટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં અને સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ હોવું જોઈશે.

➢ અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.

➢ એન.ઓ.સી.ની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પુર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યાબાદ મંજુર થયેલ લઘુત્તમ પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવશે.

➢ પ્રથમ પાંચ વર્ષ દરમ્યાન કોઈ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય કોઈ લાભો મળવાપાત્ર રહેશે નહિ.

➢ હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાની સંસ્થાના વડા મારફત એન.ઓ.સી. પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.

➢ નિમણૂંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તા.૧૭/૦૭/૨૦૨૫થી મળેલ એન.ઓ.સી.ના પત્ર

ક્રમાંક:કવટ/isc3/NOC/૨૧૫૭૯-૮૧તથા તા.૨૩/૦૯/૨૦૨૫પત્ર ક્રમાંક:કવટ/isc3/વર્ગ-3/NOC/૨૦૯૬૩-૬૫તમામ શરતો બંધનકર્તા રહેશે.

- અધુરી કે આધારો વગરની અરજીઓ તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.
- ભરતી અંગેની જરૂરી સુચનાઓ ઉપરોક્ત વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. જેથી દરેક ઉમેદવારોએ સમયાંતરે વેબસાઈટ જોતા રહેવું.
- વેબસાઈટ પર મુકેલ અરજીપત્રકના ફોરમેટમાં જ અરજી કરવાની રહેશે.

- **દિવ્યાંગજનસુચનાઓ:**
  - ઉમેદવાર સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક: સી.આર.આર/૧૦૨૦૦/જીઓઆર/ગ-૨ ના ઠરવાની જોગવાઈ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતની ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતા હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦ ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલા નમુનામાં સરકારી હોસ્પિટલના સુપરીન્ટેન્ડન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.
  - ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૩/૦૬/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક:પરચ/૧૫૨૦૨૪/CHE-33/ખ મુજબ નક્કી કરાયેલ બેન્ચમાર્ક ડીસેબીલીટી ધરાવતા ઉમેદ્રાઓની જ પસંદગી કરવાની રહેશે.

  (A) B- (Blind) અંધ, LV -(Low Vision) ઓછી દ્રષ્ટી.

❖ **પરિક્ષા ફી :**

| | બિન અનામત | અનામત વર્ગ (તમામ કેટેગરીની મહિલા, સા. શૈ. પ. વર્ગ, અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, આ. ન. વર્ગ, દિવ્યાંગ ઉમેદવારો) |
|---|---|---|
| પ્રાથમિક પરિક્ષા | રૂ. ૫૦૦/- | રૂ. ૪૦૦/- |

(1) ડીમાન્ડ ડ્રાફ્ટ S.M. Patel College of Home Science, Vallabh Vidyanagar નામનો મોક્લવાનો રહેશે.
(2) તમામ ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની ફી ડીમાન્ડ ડ્રાફટના માધ્યમથી જ ભરવાની થાય છે.
(3) પરીક્ષા ફી નહીં ભરતા ઉમેદવારની અરજી માન્ય રહેશે નહીં તથા તે ઉમેદવારનું અરજી ફોર્મ કોઈપણ જાતની જાણ કર્યા વગર મંડળ “દ્વારા રદ” કરવામાં આવશે.

- **પરીક્ષા પદ્ધતિ :**

રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત /૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં MCQપધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે. આ જાહેરાત માટે રજીસ્ટર્ડ થયેલ ઉમેદવારોની સંખ્યાના આધારે એક સેશન અથવા મલ્ટી સેશનમાં લેવામાં આવશે. મલ્ટી સેશનમાં પરીક્ષા યોજવાના સંજોગોમાં યોગ્ય સ્કેલીંગ પદ્ધતિથી મુલ્યાંકન કરવામાં આવશે. પરીક્ષા: Part-Aઅને Part-Bએમ બે ભાગમાં લેવામાં આવશે (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે).

**Part – A**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતીક કસોટીઓ | ૩૦ |
| | **કુલ ગુણ** | **૬૦** |

**Part - B**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન | ૩૦ |
| ૨ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | **કુલ ગુણ** | **૧૫૦** |

નોંધઃ અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

- Part-Aમાં કુલ ૬૦ પ્રશ્નો અને Part-Bમાં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. Part-Aઅને Part-Bબંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.
- Part-Aઅને Part-Bનું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standardરહેશે.
- સ્પર્ધાત્મક પરીક્ષાના Part-Aમાટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% અને Part-Bમાટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં. પરીક્ષાના Part-Aઅને Part-Bમાં ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard)જાળવીને કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે મંડળ દ્વારા લાયક (ક્વોલીફાય) ગણવામાં આવશે.
- જે તે સંવર્ગની જાહેરાત અન્વયે મંડળ ધ્વારા તે સંવર્ગની MCQપધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે.
- M.C.Q.પદ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માર્કના 1/4 માર્ક ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે.
- કોઇ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલપ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.
- **અશક્ત (દિવ્યાંગ) વર્ગના હોય તેવા ઉમેદવારોને, પ્રશ્નપત્રના દરેક કલાક દીઠ વીસ મીનીટનો લાગુ પડતો હોય તેટલો વધારાનો સમય આપી શકાશે.**

માનદ મંત્રીશ્રી

તા.૨૮/૧૦/૨૦૨૫